અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/૧૭૬૫-૧૮૦૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.02/02/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-2020-21 માટે ધોરણ-10 અને ધોરણ-12(સા.પ્ર/વિ.પ્ર) ના જૂના કોર્ષમાં 30%નો ઘટાડો કરેલ અભ્યાસક્રમ તેમજ ધોરણ-12 (વિ.પ્ર) જૂના કોર્ષના પ્રશ્નપત્ર પરિરૂપ મોકલવા બાબત.

સંદર્ભ :- (1) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/3542-83, તા.19/11/2020.

(2) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2020/3584-3625, તા.19/11/2020.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-19 ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ-2020/21 માટે ધોરણ-9 થી 12ની પરીક્ષા પદ્ધતિમાં કરવામાં આવેલ ફેરફાર કરવામાં આવેલ છે. તેમજ અભ્યાસક્રમમાં 30% જેટલો ઘટાડો કરવામાં આવેલ છે. અત્રેની કચેરી દ્વારા ધોરણ-10 અને 12ના જે વિષયોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવામાં આવેલ છે તે વિષયોના જૂના કોર્ષનાં અભ્યાસક્રમમાં 30%નો ઘટાડો કરવામાં આવેલ છે. ધોરણ-12(વિ.પ્ર)ના ઉક્ત વિષયોના જૂના કોર્ષમાં 30%નો ઘટાડો કરેલ અભ્યાસક્રમના આધારે તજજ્ઞ શિક્ષકો ધ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રશ્નપત્રના પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો આ સાથે સામેલ છે. ઉક્ત ધોરણોના જૂના કોર્ષમાં કરેલ 30% અભ્યાસક્રમનો ઘટાડો તેમજ પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાનાં પ્રશ્નપત્રો માત્ર શૈક્ષણિક વર્ષ-2020/21 માટે જ અમલમાં રહેશે. ઉકત વિગતે નીચે દર્શાવેલ વિષયોમાં ધો-10,ધો-12 સામાન્ય પ્રવાહ અને ધો-12 વિજ્ઞાન પ્રવાહના જૂના કોર્ષના અભ્યાસક્રમમાં 30% નો ઘટાડો કરવામાં આવેલ છે. જેની વિગતો આ સાથે સામેલ છે.

| ક્રમ | ધોરણ | વિષય | ક્રમ | ધોરણ | વિષય |
|---|---|---|---|---|---|
| 1 | 10 | ગણિત | 1 | 12(વિ.પ્ર) | ગણિત (050) |
| 2 | 10 | વિજ્ઞાન | 2 | 12(વિ.પ્ર) | રસાયણ વિજ્ઞાન (052) |
| 3 | 10 | અંગ્રેજી (FL) | 3 | 12(વિ.પ્ર) | ભૌતિક વિજ્ઞાન (054) |
| 4 | 10 | હિન્દી (FL) | 4 | 12(વિ.પ્ર) | જીવ વિજ્ઞાન (056) |

Scanned by CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | 10 | ઉર્દૂ (FL) | 5 | 12(વિ.પ્ર/સા.પ્ર) | અંગ્રેજી (FL) |
| | | | 6 | 12(વિ.પ્ર/સા.પ્ર) | હિન્દી (FL) |

શૈક્ષણિક વર્ષ-2020-21 માટે નીચે દર્શાવેલ ધો-12(વિ.પ્ર)ના વિષયોમાં જૂના કોર્ષમાં 30% અભ્યાસક્રમમાં ઘટાડા પ્રમાણે પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો આ સાથે મોકલી આપવામાં આવે છે.

| ક્રમ | ધોરણ | વિષય |
|---|---|---|
| 1 | 12 | ગણિત (050) |
| 2 | 12 | રસાયણ વિજ્ઞાન (052) |
| 3 | 12 | ભૌતિક વિજ્ઞાન (054) |
| 4 | 12 | જીવ વિજ્ઞાન (056) |
| 5 | 12 | અંગ્રેજી (FL) (વિ.પ્ર) |
| 6 | 12 | હિન્દી (FL) (વિ.પ્ર) |

ઉક્ત ધોરણોમાં NCERTના પાઠ્યપુસ્તકોનો અમલ કરવામાં આવેલ ઉપરોક્ત વિષયોના જૂના કોર્ષમાં કરવામાં આવેલ 30% અભ્યાસક્રમનો ઘટાડો તથા ધોરણ-12 (વિ.પ્ર)ના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપવા માટે વિનંતી છે. ધોરણ-10 અને ધોરણ-12 સામાન્યપ્રવાહના બાકી રહેતા વિષયો કે જેમાં NCERTના પાઠ્યપુસ્તકનો અમલ કરેલ છે તે વિષયોના જૂના અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલ પ્રશ્નપત્ર પરિરૂપની વિગતો હવે પછી જાહેર કરવામાં આવશે. .

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.

બિડાણ:- ઉપર મુજબ.

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૧/૭૫૯૯-૮૦૧૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૬/૨/૨૦૨૧

<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂં.</u>

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner